વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬

NAVSARI AGRICULTURAL UNIVERSITY

---

## ● ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ જોગ ટૂંકાગાળાની ઈ–ટેન્ડર નોટીસ ●

કૃષિ મહોત્સવ–૨૦૧૭ અન્વયે વાંસદા, જિ. નવસારી ખાતે ઉદ્દઘાટન કાર્યક્રમ, કૃષિમેળો–વ–કૃષિ પ્રદર્શન અને સેમિનારના આયોજન માટે રસ ધરાવતી ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ પાસેથી nprocure દ્વારા ઈ–ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે. જે માટેની વિગતવાર માહિતી https://au.nprocure.com અને www.nau.in પર જોઈને ઈ–ટેન્ડર ભરવાનું રહેશે.

૧. ટેન્ડર દસ્તાવેજ અપલોડ કરવાની તારીખ : ૦૧/૦૫/૨૦૧૭
૨. ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ : ૧૫/૦૫/૨૦૧૭ – ૧૮.૦૦ કલાક સુધી
૩. ફીઝીકલ બીડ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૭/૦૫/૨૦૧૭ – ૧૮.૦૦ કલાક સુધી

તા. ૦૧/૦૫/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

નવસારી કૃષિ યુનિવર્સિટી માટે કૃષિ મહોત્સવ ૨૦૧૭-૧૮ અન્વયે ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનારના આયોજનની કામગીરી માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની નિમણૂંક

# REQUEST FOR PROPOSAL (RFP)

## Appointment of the Event Management Agency for Innaugration Function, Agricultural Exhibition and Seminar to be organized during Krushi Mahotsav 2017-18 by Navsari Agricultural University

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**e-proposals:** Each Applicant has to compulsorily submit its e-proposal on the website https://au.nprocure.com and also to provide the hard copies of the physical bid to Navsari Agricultural University, Navsari in stipulated time.

**નવસારી કૃષિ યુનિવર્સિટી માટે કૃષિ મહોત્સવ ૨૦૧૭-૧૮ અન્વયે ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનારના આયોજનની કામગીરી માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની નિમણૂંક**

## ૧.૦ પ્રસ્તાવનાઃ

રાજય સરકાર પ્રેરિત **કૃષિ મહોત્સવ ૨૦૧૭** દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોને ખરીફ પાકના આગોતરા આયોજન તથા તાંત્રિક માર્ગદર્શન માટે **ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનાર વિ.** નું આયોજન તા.૨૬-૦૫-૨૦૧૭ના રોજ વાંસદા, જી. નવસારી ખાતે જીલ્લા વહીવટી તંત્ર/નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવનાર સ્થળ પર કરવાનું છે. આ કામગીરી માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ઉપર્યુક્ત મેળામાં વિશાળ ખેડૂત સમુદાય, આધુનિક કૃષિ તજજ્ઞતાઓ નિહાળવા આવનાર હોઈ તમામ પ્રદર્શન અત્યાધુનિક તજજ્ઞતાઓ પ્રમાણે ગોઠવવાનું રહેશે.

## ૨.૦ ઉદ્દેશોઃ-

આ RFP માં રસ ધરાવતી, અનુભવી અને પાત્રતા ધરાવતી ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓ પાસેથી હાલ નક્કી  થયેલ તારીખ અને સ્થળે અથવા સંજોગોવશાત રાજય સરકાર સૂચવે તે નવી તારીખ અને સ્થળે **ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનારના** આયોજન માટે આ RFP દસ્તાવેજમાં જણાવેલ બોલીઓ અને શરતો મુજબ દરખાસ્ત મંગાવવામાં આવે છે.

## ૩.૦ સત્તાવાર માહિતીઃ

### ૩.૧ ઈવેન્ટ મેનેજમેન્ટ પાર્ટી નક્કી કરવાનું પત્રક (RFP) નીચે મુજબ છે.

**(૧) ટેન્ડર ડોક્યુમેન્ટ અપલોડ કરવાની તારીખ ૦૧.૦૫.૨૦૧૭**

**(૨) ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૧૫.૦૫.૨૦૧૭ ૧૮-૦૦ કલાક સુધી**

**(૩) ફીઝીકલ દસ્તાવેજો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૭.૦૫.૨૦૧૭ ૧૮-૦૦ કલાક સુધી**

**(૪) ટેન્ડરની અવધી (સમય ગાળો): ઓર્ડર આપ્યાથી ૧૫ માસ**

## ૪.૦ પાત્રતાનાં ધોરણોઃ

૪.૧ ટેન્ડર ભરનાર ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી રજિસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અને આ એજન્સી પાસે તેમના વેલીડ સર્વિસ ટેક્ષ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ/સેલ્સ ટેક્ષ/વેટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા આવકવેરાનો PAN હોવો જરૂરી છે.

૪.૨ ટેન્ડર ભરનાર એજન્સીને રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ઓછામાં ઓછા બે સ્વતંત્ર અથવા ભાગીદારીમાં મેગા **ઉદઘાટન કાર્યક્રમ,** કૃષિમેળો-વ-પ્રદર્શન, પશુ આરોગ્ય મેળો અને સેમિનારના આયોજન, માર્કેટીંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટનો **૨** વર્ષનો અનુભવ હોવો જોઈએ. આ અંગેના આધાર–પુરાવા રજુ કરવાના રહેશે.

૪.૩ એજન્સીએ વાર્ષિક સરેરાશ ટર્નઓવર રૂ. ૫૦.૦૦ લાખ (રૂપિયા પચાસ લાખ) અંગેના છેલ્લા બે વર્ષના પુરાવા રજૂ કરવાના રહેશે તથા છેલ્લા ત્રણ વર્ષના ઇન્કમ ટેક્ષના રીટર્ન બીડવાના રહેશે.

૪.૪ ટેન્ડર ફોર્મ ફી પેટે રૂ. ૫૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ "Professor (P), T & V, DEE, Navsari‘‘ ના નામે મોકલવાનો રહેશે.

૪.૫ ટેન્ડર ભરનારે અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) રૂ. ૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ) ડીડી ધ્વારા "Professor (P), T & V, DEE, Navsari‘‘ ના નામે ભરી ચુકવવાના રહેશે. EMD ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી. EMD પૂરે પૂરી કે અંશતઃ નીચેમાંના કોઈ એક કે વધારે કારણોસર ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે.

(અ) ટેન્ડર ભરનાર પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો.

(બ) જેનું ટેન્ડર મંજૂર થાય તે એજન્સી;

(૧) જો આયોજન કરવાનું સ્વીકારે નહીં તો

(૨) જો પરફોર્મન્સ ગેરન્ટી ન આપે તો

(૩) દર્શાવેલ સમયમર્યાદામાં જરૂરિયાત મુજબની વ્યવસ્થા ન કરવામાં આવે તો.

ઉપર જણાવેલાં બધાં જ કવર એક અલગ કવરમાં સીલ કરવા અને એની ઉપર **"કૃષિ મહોત્સવ ૨૦૧૭-૧૮ માટેની આરએફપી"** એવો શેરો મારવો.

૪.૬ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી દ્વારા દરખાસ્ત સ્વતંત્ર રીતે સુપ્રદ કરવાની રહેશે.

૪.૭ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી પાસે મેગા **ઉદઘાટન કાર્યક્રમ,** કૃષિમેળો-વ-પ્રદર્શન, પશુ આરોગ્ય મેળો અને સેમિનારના આયોજન, માર્કેટીંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટના વ્યવસ્થાપન માટેની સક્ષમતા હોવી જોઈએ.

૪.૮ ટેન્ડર બાબતના કોઇ પણ પ્રકારના સુધારા વધારા https://au.nprocure.com ની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે. આ અંગે કોઇપણ પ્રકારની જાહેરાત ન્યઝ પેપરમાં કે બીજી કોઇપણ રીતે આપવામાં આવશે નહી.

## ૫.૦ દસ્તાવેજોની સુપ્રદવિધિ અને પસંદગીની કાર્યપદ્ધતિ

૫.૧ પ્રત્યેક અરજદારે વેબસાઈટ https://au.nprocure.com ઉપર ઈલેક્ટ્રોનિક-ઈ-દરખાસ્ત ફરજિયાત પણે રજૂ કરવાની રહેશે.

૫.૨ પ્રત્યેક અરજદારે નીચે જણાવ્યા મુજબ સીલ કરેલાં અલગ કવરોમાં એની દરખાસ્તની હાર્ડકોપી પણ રજૂ કરવાની રહેશે.

(૧) એક કવરમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે ચૂકવણી થાય એવો "Professor (P), T & V, DEE, Navsari'' ની તરફેણમાં લખાયેલો કોઈપણ રાષ્ટ્રીયકૃત ભારતીય બેંકનો રૂ. ૨.00 લાખની અર્નેસ્ટમની ડિપોઝિટનો ડીમાન્ડ ડ્રાફ્ટ બીડવાનો રહેશે.

(૨) બીજા એક અલગ કવરમાં **"કૃષિ મહોત્સવ પ્રદર્શન ૨૦૧૭-૧૮ માટેની ટેકનિકલ દરખાસ્ત"** જેમાં પ્રદર્શનની ડીઝાઈન તથા અન્ય યોગ્યતાના માપદંડ સહિતની ટેકનિકલ વિગતો હોવી જોઈશે.

(૩) ત્રીજા એક અલગ કવરમાં Annexure-1 માં ભાવો ભરીને મોકલવાના રહેશે.

(૪) ઉપર જણાવેલાં ત્રણ કવરો એક અલગ કવરમાં સીલ કરવા અને એની ઉપર **"કૃષિ મહોત્સવ પ્રદર્શન ૨૦૧૭-૧૮ માટેની આરએફપી"** એવો શેરો મારવો.

૫.૩ અર્નેસ્ટ મની ડીપોઝિટ અને ટેન્ડર ફી સિવાયની દરખાસ્તો માન્ય રાખવામા આવશે નહી.

૫.૪ દરખાસ્ત નીચેના સરનામે, ઠરાવેલા સમય અને તારીખ **૧૭.૦૫.૨૦૧૭ ૧૮-૦૦ કલાક સુધીમાં** "રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટ" મારફત જ મોકલવાના રહેશે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**
**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન,**
**નવસારી-૩૯૬ ૪૫૦ જિ. નવસારી**

૫.૫ પ્રત્યેક અરજદારે આરએફપીની આવશ્યકતાઓ અનુસાર, પોતાની દરખાસ્તના ટેકામાં તમામ લાગુ પડતા દસ્તાવેજો તેમજ અન્ય કોઈપણ પ્રસ્તુત-સંબંધકર્તા સામગ્રી, ફોટોગ્રાફ અને/અથવા બીડાણો દરખાસ્ત સાથે અવશ્ય જોડવા. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી વધુ માહિતી માટે પૂરક વિનંતી કરી શકશે, જે એકવાર બહાર પાડ્યા બાદ, આરએફપીના ભાગરૂપ બની જશે. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કોઈપણ દરખાસ્ત સંબંધમાં એને જરૂરી જણાય એવી વધારાની માહિતી, ગેરંટી અને/અથવા દસ્તાવેજો રજૂ કરવા કોઈપણ અરજદારને ગમે ત્યારે- કોઇપણ સમયે જણાવી શકશે અને આવી વધારાની માહિતી, ગેરંટી અને/અથવા દસ્તાવેજનો જે તે દરખાસ્તનું મૂલ્યાંકન કરવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા પસંદગીની કાર્યપદ્ધતિના કોઈપણ તબક્કે ઉપયોગ થઈ શકશે.

૫.૬ દરખાસ્ત રજૂ કરવા માટેના ટાઈમટેબલમાં જણાવ્યા મુજબના ઠરાવેલા સમય અને તારીખ સુધીમાં પ્રારંભિક દરખાસ્તને પહોંચાડવામાં-ટ્રાન્ઝિટ દરમ્યાન થયેલા કોઈપણ વિલંબ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી જવાબદાર રહેશે નહિ.

૫.૭ દરખાસ્ત તૈયાર કરવાનો અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને પહોંચે એ રીતે રજૂ કરવા માટેનો ખર્ચ અરજદારે જાતે જ ભોગવવાનો રહેશે અને એ ભરપાઈ કરવામાં નહીં આવે. વધુમા, સંબંધિત સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન અંગેનો તેમજ આવવા-જવાના પ્રવાસ વગેરેનો ખર્ચ પણ અરજદારે ભોગવવાનો રહેશે.

૫.૮ એકવાર, રજૂ થયેલી પ્રત્યેક દરખાસ્ત, આ દરખાસ્તમાં સૂચવાયેલી શરતોએ (કે પછી એમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા કરાયેલા સુધારા મુજબ) સેવાઓ પૂરી પાડવાની એક બંધનકર્તા અને રદ ન કરી શકાય-પાછી ન ખેંચી શકાય એવી ઓફર બની જાય છે, જે ઓફરમાં એને રજૂ કરવાની તારીખ પછી સુધારા-વધારા નહીં થઈ શકે કે પછી એને પાછી પણ નહીં ખેંચી શકાય. (નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી સાથે પરામર્શ કર્યા સિવાય)

૫.૯ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કોઈપણ દરખાસ્ત સંપૂર્ણપણે અથવા તો આંશિક રીતે અથવા તો દરખાસ્ત સંબંધમાંના કોઈપણ પ્રતિભાવો અથવા રજૂઆતો સ્વીકારવા અથવા એની વિચારણા કરવા બંધાયેલું નથી અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કોઈપણ દરખાસ્ત, પ્રતિભાવો અથવા રજૂઆતોનો અસ્વિકાર કરી શકે છે.

૫.૧૦ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીએ અરજદાર જેની દરખાસ્ત આરએફપીમાં જણાવાયેલી શરતો અનુસારના માપદંડ અને જરૂરિયાતોને સૌથી વધુ-સફળ રીતે સુસંગત હોય (સંપૂર્ણપણે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની વિવેકબુદ્ધિ અનુસાર) એની નિમણૂંક કરવાનો અથવા તો સુધારેલો કે પછી અલગ આરએફપી બહાર પાડવા સહિત (મર્યાદા સિવાય) સેવાઓ પૂરા પાડવા માટેની વૈકલ્પિક સગવડો કરવા કે પછી આ સેવાઓ જાતે જ પૂરી પાડવાનો હક્ક અનામત રાખે છે.

૫.૧૧ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ધ્વારા નક્કી કરાએલા ટાઈમ ટેબલ અનુસાર પસંદગીની કાર્યવિધિ હાથ ધરશે. પ્રત્યેક અરજદાર ટાઈમટેબલમાં સૂચવાયેલી સમયમર્યાદાઓ (ડેડલાઈન)માંની લાગુ પડતી મર્યાદાઓ તેમજ પસંદગીની સળંગ કાર્યવિધિ દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી જે અન્ય મર્યાદાઓ લાદે એનું સંપૂર્ણપણે પાલન કરવું રહેશે અને આમ કરવું આવશ્યક છે. (સિવાય કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા કિસ્સાવાર અન્ય રીતે મર્યાદાઓ મંજૂર કરાઈ હોય)

૫.૧૨ મેગા ઇવેન્ટની કામગીરીનો વર્ક ઓડર આપવાની કે ન આપવાની સત્તાનો અધિકાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અબાધિત રાખે છે.

૫.૧૩ <u>પસંદગીની કાર્યવિધિમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.</u>

(એ) ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની યોગ્યતા, અનુભવ અને લાયકાતો તપાસીને પ્રત્યેક ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની પ્રતિભાવશક્તિ (રીસ્પોન્સીવનેસ) જાણવા માટે દરખાસ્તોનું ટેકનિકલ મૂલ્યાંકન, જેમાં ડોમના માપદંડ અને ટેકનિકલ ડીઝાઈન સાથેનું એનું મળતાપણું (મર્યાદા વગર) તપાસવાનો પણ સમાવેશ થાય છે. અરજદારની યોગ્યતા-અનુકૂળતાનું મૂલ્યાંકન થઈ શકે એ માટે જરૂર પડ્યે 'રીસ્પોન્સીવ' અરજદારોએ સંબંધિત કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન કરવાનું જરૂરી બની શકે છે. દસ્તાવેજોની ચકાસણી તથા એની રજૂઆત બાદ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી નાણાંકીય હરાજી/લીલામમાં ભાગ લેવા માટે યોગ્ય ગણાશે. આમ છતાં, બીડ ભાગ લેનારની એકંદર પસંદગીમાં ટેકનિકલ મૂલ્યાંકનને લક્ષમાં નહીં લેવાય.

(બી) જે પાર્ટીઓ ટેકનિકલ રીતે પસંદ થશે તેમનું જ Annexure-1 નું ટેન્ડર ખોલવામાં આવશે.

(સી) ટેકનિકલી યોગ્ય જણાયેલા 'બિડર્સ' (બીડમાં ભાગ લેનાર) માત્રના નાણાંકીય બિડ તપાસવામાં આવશે. આ બીડ કે બોલીની માત્ર બીડર્સ દ્વારા જણાવાયેલા ખર્ચાના આધારે સરખામણી કરી એજન્સી નક્કી કરવામાં આવશે. જે સર્વે ટેન્ડર ભરનારને બંધનકર્તા રહેશે.

(ડી) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીની પસંદગી કરવામાં આવશે. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સદરહુ ટેન્ડર પ્રક્રિયાથી પસંદ કરવામાં આવેલ એજન્સીને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા વર્ક ઓર્ડર આપવામાં આવશે. આ ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો અને બોલીઓ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીને બંધનકર્તા રહેશે.

(ઇ) કામગીરી કરનાર એજન્સી ને સદરહુ કામગીરી માટે વર્કઓર્ડર આપવામાં આવશે. કામગીરીનો ઓર્ડર આપ્યાની તારીખથી ૩વર્કીંગ દિવસમાં વર્કઓર્ડરના ૫ ટકા પ્રમાણે પરફોર્મન્સ ગેરન્ટી (સીક્યોરીટી ડીપોઝીટ) પેટે "Professor (P), T & V, DEE, Navsari" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ આપવાનો રહેશે. જો પરફોર્મન્સ સંતોષજનક ન જણાય તો કમિટીની ભલામણ મુજબ આ રકમ જપ્ત કરવામાં આવશે અન્યથા તે **કાર્યક્રમ** પૂરો થયે પરત કરવામાં આવશે.

(એફ) કાયદાકિય રીતે જરૂરી તમામ મંજૂરી/પરવાનગી સક્ષમ અધિકારી પાસેથી સ્વખર્ચે ટેન્ડર ભરનારે મેળવી લેવાની રહેશે.

(જી) ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ ટેન્ડરની શરતો અને બોલીઓ માટે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર (સરકારશ્રીના નીતિ નિયમો મુજબ) ઉપર કરારનામું લખી આપવાનું રહેશે. (નવસારી કૃષિ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનું રહેશે).

## ૬.૦ <u>સ્કોપ ઓફ ધ વર્ક</u>

૬.૧ સમગ્ર ઈવેન્ટનાં આયોજન માટે નવસારી કૃષિ યુનિવર્સિટી નક્કી કરેલ સ્થળે વિના મૂલ્યે જગ્યા ફાળવશે.

૬.૨ સદર આયોજન માટે જીલ્લા વહીવટી તંત્ર/નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવનાર સ્થળે જમીન સમતળ અને રોલરથી માટી ન ઉડે તે રીતે દબાવવાની રહેશે. તેમજ સમતળ કરેલ જગ્યાએ કોઇ પથ્થર/રોડા કે અન્ય અડચણ હોય તો દૂર કરવાના રહેશે.

૬.3 ઉદઘાટન સમારંભ મંડપ, **કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનાર માટેની કામગીરીનું** પેકેજ :

(૧) ઉદઘાટન સમારંભ : ૧૫૦૦૦ ખુરશીઓની વ્યવસ્થા સાથેનો મંડપ (આયોજક સૂચવે તે મુજબ).

(૨) **કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શનમાં ૧૦x૧૦** ફૂટના એક એવા **૧૦૦ સ્ટોલ્સ માટે ૩ થી ૪ ડોમ.**

(૩) **સેમિનાર માટે કૃષિ પ્રદર્શન ડોમમાં** આયોજક સૂચવે તે મુજબ ૫ કૃષિ વૈજ્ઞાનિકો અને ૨૦૦ ખેડૂતો બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા.

(૪) મુખ્ય ઉદઘાટન સમારંભ ડોમ તેમજ બાજુના બે ડોમ: પીલર લેસ M.S.DOM રહેશે. તેની સીલીંગ આકર્ષક, સ્વચ્છ કાપડની વોટરપ્રુફ અને ફાયર રીટ્રાયવર હોવી જોઈએ.

(૫) મુખ્ય સ્ટેજ ફૂલોથી અને કુંડાઓથી સુશોભિત કરવાનો રહેશે અને સાથોસાથ સ્ટેજની આજુબાજુ ૨૦૦ નંગ ફૂલછોડના કુંડા મૂકવાના રહેશે.

(૬) મહાનુભાવોના સ્વાગત કરવા માટે વહીવટી તંત્ર/યુનિવર્સિટીના અધિકારીશ્રીના પરામર્શમાં રહીને જુદા જુદા ફળો, શાકભાજીઓ, કઠોળ તથા ધાન્ય પાકોની અંદાજિત ૫૦ સુશોભિત ટોપલીઓ (અંદાજીત ૧.૫ કિ.ગ્રામ વજનની) તથા ૫૦ બુકે તૈયાર કરવાના રહેશે.

(૭) હાઈ લેવલ સિક્યુરિટીના ધોરણ મુજબનું ૬૦ ફૂટ X ૫૦ ફૂટનું કાર્યક્રમ માટેનું ડેકોરેટિવ સ્ટેજ કારપેટ સાથે બાંધવાનું રહેશે. મુખ્ય સ્ટેજની નીચે જમીન પર ૪ ઇંચનું પીસીસી (૧:૨:૪) કરવાનું રહેશે. સ્ટેજની ઉપર જરૂરી ટીપોઈ, એકસરખા વી.વી.આઈ.પી. તથા વી.આઈ.પી. સોફાઓ, ખુરશીઓ (૬૦ વ્યક્તિઓ માટે કાપડના કવર સાથે) પોડીયમ, આકર્ષક ડીઝાઈન સાથેનું કૃષિ યુનિવર્સિટી મંજૂર કરે તેવું બેનર/બેક ડ્રોપ, ૪૮ ફૂટ X ૧૦ ફૂટનું), માન. મુખ્યમંત્રીશ્રીની બેઠક સામે એલસીડી ટીવી (૪૨"નું) તથા સ્ટેજની બંને બાજુએ ૪૨"ના બે એલસીડી ટીવીની જરૂરી સ્ટેન્ડ સાથેની વ્યવસ્થા આપવાની રહેશે. બંને સાઈડે મજબુત પગથીયા રાખવાના રહેશે. સ્ટેજની બાજુમાં/પાછળ વી.વી.આઈ.પી./વી.આઈ.પી.ઓની

ગરિમા/સગવડ સચવાય તેવી નાની મોટી તમામ જરૂરિયાત જેવી કે પીવાનું હિમાલયન બ્રાન્ડ પાણી, ડ્રાયફ્રૂટ નાસ્તો, કેમિકલ ટોઇલેટ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ સાથેના સુવિધાયુક્ત બે ગ્રીન રૂમ નિર્માણની કામગીરી કરવાની રહેશે.(૮) મેઇન સ્ટેજની આગળ સાંસ્કૃતિક કાર્યક્રમ માટેનું સ્ટેજ ૩૨ફૂટ X ૩૨ફૂટ X ૩ફૂટનું સાઇડમાં પગથીયા સાથે બનાવવાનું રહેશે.

(૯) સ્ટેજ તથા વી.વી.આઈ.પી. બેઠક રૂમમાં જરૂરી સંખ્યામાં એ.સી (અંદાજે કુલ ૮૦ ટન કેપેસીટી) મુકવાના રહેશે.

(૧૦) ૨૦ ફૂટ X ૨૦ ફૂટની સફેદ કલરની વી. વી.આઈ.પી. બેઠક રૂમ, જરૂરી લાઈટ, એસી, પંખા, સોફા, ખુરશીઓ સાથે અને બાજુમાં વી.આઈ.પી. ટોયલેટ(કેમીકલ ટોયલેટ), પાણીની સગવડ આપવાની રહેશે તથા વી.વી.આઈ.પી. એન્ટ્રી માટે અલગ સુશોભિત માર્ગ તથા એન્ટ્રી ગેટ (૧૦ ફૂટ X ૧૨ ફૂટ) સુસ્વાગતમ બેનર સાથે બનાવવાનો રહેશે.

(૧૧) કૃષિ યુનિવર્સિટી / કેન્દ્રિય સંકલન સમિતિ સુચવે ત્યાં ભવ્ય પ્રવેશદ્વાર ૧૪ ફૂટ ઉંચો અને ૨૦ ફૂટ પહોળો તેમજ પાંચ દરવાજા ૧૦ ફૂટ X ૧૨ ફૂટ (એક વીઆઇપી માટે અને ચાર ખેડૂતો માટે) બેનર સાથે બનાવવાના રહેશે.

(૧૨) સ્ટેજ આગળ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના કટઆઉટ, સુવાક્યો તથા સુત્રો સાથે મુકવાનું રહેશે. જેની ડીઝાઈન અને સુવાક્યો કૃષિ યુનિવર્સિટી પાસે મંજુર કરાવવાના રહેશે.

(૧૩) જરૂરી લાઈટો, પંખા, સાઉન્ડ સિસ્ટમ, જનરેટર, ગેંગ વે, બેરી કેડ (૩ ફૂટની) ની વ્યવસ્થા કરવાની રહેશે. આ સમીયાણા સાઈડથી બે મીટરની ઉંચાઈ સુધી બંધ કરવાનો રહેશે.

(૧૪) ખેડૂતો માટેના સભામંડપમાં વહીવટી તંત્ર/યુનિવર્સિટીના અધિકારીશ્રી સૂચવે તે મુજબ ૨૫૦૦૦ ખેડૂતો બેસી શકે તેવી ભારતીય બેઠક અથવા તેટલી સંખ્યામાં ખુરશીઓની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે જરૂરી માપ સાઈઝનો M.S.DOM બનાવવાનો રહેશે. તેમાં ગ્રીન નેટની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મંડપમાં ફોગર સિસ્ટમથી અસરકાર ઠંડક કરવાની રહેશે. ખેડૂતોની બેઠક માટે જિલ્લા વાર સાઇન બોર્ડ દૂરથી વંચાય તેમ મૂકવાના રહેશે.

(૧૫) ઉદ્દઘાટન સમારંભ મંડપમાં પત્રકારો માટે ૭૦ પ્લાસ્ટિકની ખુરશીઓ તેમજ ૨૦ ટેબલ; વૈજ્ઞાનિકો, અધિકારીશ્રીઓ, આમંત્રિત મહેમાનો માટે ૬૦ સોફા અને ૩૦૦ પ્લાસ્ટિકની ખુરશીઓ; એનાઉંસર માટે ટેબલ ખુરશી સાથેનું જરૂરી ઉંચાઇનું પ્લેટફોર્મ (ઓડીયો સીસ્ટીમ સાથે), સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો માટે ૫૦ પ્લાસ્ટીક ખુરશીઓ, પ્રગતિશીલ ખેડૂતો માટે ૫૦ પ્લાસ્ટીક ખુરશીઓ ગોઠવવાની રહેશે.

(૧૬) ઉદ્‌ઘાટન સમારોહના સ્થળના હેલીપેડ પાસે ૨૫ ફૂટ X ૧૫ ફૂટ નો કાપડનો મંડપ બનાવવાનો રહેશે. જે ત્રણ સાઈડથી બંધ કરવાનો રહેશે. આ મંડપમાં વીઆઈપી માટે બે સીટ વાળા ત્રણ નંગ સોફા, વીસ પ્લાસ્ટિકની ખુરશી અને ગ્રીન રૂમ તથા કેમીકલ ટોયલેટની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૭) સમગ્ર ઈવેન્ટ દરમ્યાન ખેડૂતો/મુલાકાતીઓ માટે સભામંડપમાં કે બહાર તેમજ પાર્કીંગ સ્થળે તેમજ પાર્કીંગ સ્થળથી ઉદઘાટન સમારોહના સ્થળના રસ્તા ઉપર પૂરતા પ્રમાણમાં અને પૂર્ણ સમય માટે ઠંડા શુદ્ધ પીવાના પાણીની સગવડ (વોટર જગ તથા પ્લાસ્ટીક ગ્લાસ) સતત મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) ઉદ્‌ઘાટન સમારંભના પરિસરમાં વહીવટ તંત્રની સૂચના મુજબ જરૂરી સી.સી.ટી.વી. કેમેરા (૨૫ નંગ) લગાડવાના રહેશે. વધુમાં સલામતી માટે મૂકવામાં આવતા મેટલ ડીટેકટરના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની કોઈ એકસ્ટ્રા રકમનું ચૂકવણું એન.એ.યુ, નવસારીએ કરવાનું રહેશે નહી.

(૧૯) એલ.ઈ.ડી. વોલ યુનિટ (૧૦ ફૂટ X ૮ ફૂટ) ૬ નંગ પ્લેટફોર્મ તૈયાર કરી મુકવાના રહેશે, તેમજ ક્લીયર ઇન્ટરપ્શન વગર લાઇવ ટેલીકાસ્ટ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

## ૬.૪ <u>અન્ય મંડપો</u>

(૧) જરૂર મુજબ ત્રણ થી ચાર સ્ટોલ મંડપ (M.S.DOM) બનાવવાના રહેશે. આવા પ્રત્યેક મંડપમાં ૩મી X ૩મી સાઈઝના ૨૫ થી ૩૫ જેટલા સ્ટોલ સમાવી શકાય તે રીતે કુલ ૧૦૦ સ્ટોલ્સની વ્યવસ્થા હોવી જોઈએ. ખેડૂતો આરામથી પ્રદર્શન જોઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૨) પ્રદર્શનના મંડપ (M.S.DOM) માં ૩૦ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટીને અને ૫૦ સ્ટોલ્સ રાજ્ય સરકારશ્રીના ખાતાઓને વિનામુલ્યે ફાળવવાના રહેશે. જ્યારે બાકીના ૨૦ સ્ટોલ્સ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી પોતાની રીતે વ્યાજબી ચાર્જ લઈને પ્રાઈવેટ કૃષિ ઈનપુટ ડીલર્સને ફાળવી શકશે.

(૩) પ્રત્યેક મંડપમાં ઉદ્‌ઘાટન ગેટ, લાઈટીંગ, એરકુલર, પંખા, ફોગર સિસ્ટમ વિ.ની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સ્ટોલના અધિકારીઓ અને મુલાકાતી ખેડૂતો માટે આરો મીનરલ ઠંડા પાણીની ગ્લાસ સાથે પૂર્ણ સમય માટે વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) પ્રત્યેક સ્ટોલમાં પંખા, જરૂરી ઈલેક્ટ્રિક પોઈન્ટ, લાઈટ, ડસ્ટબીન, પીવાના પાણીનો એક જગ, પાંચ ટેબલ, ટેબલ ક્લોથ ઝુલ સાથે, બે નંગ ખુરશીઓ, વગેરે સુવિધા પૂરી પાડવાની રહેશે.

(૫) યુનિવર્સિટી સ્ટોલ્સમાં કૃષિ ટેકનોલોજીના ડિસ્પ્લે માટે ૩૨ ઈંચના કુલ ૨૦ નંગ LCD ટીવી આપવાના રહેશે.

(૬) આ ઉદ્દઘાટન પ્રસંગે તૈયાર કરવામાં આવેલ તમામ સુવિધાઓ સાંજના ૬=૩૦ કલાક સુધી રાખવાની રહેશે.

(૭) સ્ટોલ લેમીનેટેડ શીટના પ્રીફેબ્રીકેટેડ ઓકટોનોમ સિસ્ટમ ધરાવતાં હોવા જોઈએ. મંડપ ઉપર આકર્ષક દૂરથી વાંચી શકાય તેવા કૃષિ યુનિવર્સિટી જણાવે તે સાઈઝના અક્ષરોમાં મંડપનું અંગ્રેજી તથા ગુજરાતીમાં નામ લખવાનું રહેશે.

(૮) સ્ટોલની અંદર તેમજ સમગ્ર મંડપ તેમજ મંડપની બહાર ફર્શ તરીકે નીચે જયુટ અને તેની ઉપર સીન્થેટીક કારપેટ જમીનનો કોઈપણ ભાગ દેખાય નહીં તે રીતે લગાડવાની રહેશે. માટી ઉડે નહીં તે રીતે ગોઠવણી કરવાની રહેશે.

(૯) મંડપમાં સ્ટોલની બે લાઈનની વચ્ચે ઓછામાં ઓછું ૪ મીટર અંતર રાખવાનું રહેશે. પ્રત્યેક ડોમના ગેટની બંન્ને બાજુએ કૃષિ યુનિવર્સિટી સૂચવે તે પ્રમાણે મહાનુભાવોના ફોટા સાથેના વર્ટીકલ બેનર્સ બનાવવાના રહેશે.

(૧૦) તમામ સ્ટોલના ફેશીયા ઉપર ગુજરાતીમાં આકર્ષક અક્ષરોમાં પાર્ટી/કંપનીનું નામ લખવાનું રહેશે.

(૧૧) મંડપમાં તથા સ્ટોલની સફાઈ માટે પુરતા સફાઈ કર્મીઓ રાખીને સતત કચરો વીણવાનો રહેશે અને સમગ્ર પરિસર આયોજનના સમયગાળા દરમ્યાન સ્વચ્છ રહે તેવી કામગીરી ગોઠવવાની રહેશે.

(૧૨) પુરૂષ તથા સ્ત્રીઓ માટે અલગ અલગ જગ્યાએ મુતરડી/ટોયલેટ બનાવવા અને સફાઈ તથા સ્વચ્છતાની જાળવણી કરવાની રહેશે. આ સેનેટરી બ્લોકમાં સંપૂર્ણ પાણીની સગવડતા સાથે સફાઈ થાય અને દુર્ગંધ ન આવે તેવી સફાઈ વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને પાર્કીંગના સ્થળે મુતરડીની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) વી.વી.આઈ.પી. ૧૦૦ વ્યક્તિ માટે, વી.આઈ.પી. ૩૦૦ વ્યક્તિ માટે અને બાકીના અંદાજે ૧૦૦૦ વ્યક્તિઓ માટે જમવાની વ્યવસ્થા સારું જરૂર મુજબની સાઈઝના ત્રણ અલગ અલગ ભોજન સમીયાણા લાઈટની સુવિધા સાથે ઉભા કરવાના રહેશે. જેમાં વી.વી.આઈ.પી. સમીયાણામાં ડાયનીંગ ટેબલ, ખુરશી, એરકુલરો અને બુફે માટે કાઉન્ટર મુકવાના રહેશે. જયારે વી.આઈ.પી. અને અન્ય સમીયણામાં એરફેન, ટેબલ, ખુરશી અને બુફે કાઉન્ટરની સુવિધા આપવાની રહેશે. જમણવારના સ્થળો સમતળ ન હોય તો પાર્ટીએ ટ્રેકટર/અન્ય સાધન દ્વારા સમતલ કરી આપવાના રહેશે. લાઇટની વ્યવસ્થાના વિકલ્પે જરૂરી કેપેસીટીના જનરેટર સેટ મૂકવાના રહેશે.

(૧૪) મેગા ઈવેન્ટના સ્થળે વી.વી.આઈ.પી., વી.આઈ.પી., અધિકારીશ્રીઓ તથા ખેડૂતોના (જિલ્લાવાર) પાર્કીંગના સ્થળે ૧૫ X ૧૫ ફૂટનો મંડપ, ખુરશી, ટેબલ, સાઉન્ડ સીસ્ટમ તથા બેનર લગાવવાના રહેશે.

(૧૫) ઉક્ત તમામ સુવિધાઓ વહીવટી તંત્ર/યુનિવર્સિટીના માર્ગદર્શન અને પસંદગી મુજબની ઈન્ટરનેશનલ આઉટલુક જેવી સગવડ સાથે આપવાની રહેશે.

૬.૫ **પશુ આરોગ્ય મેળો - ૨ મંડપો નીચે મુજબના બનાવવાના રહેશે.** **(આ માટેના ભાવ Annexure-1 માં ભરીને સીલબંધ કવરમાં અલગથી ટેકનીકલ બીડ સાથે મોકલવાના રહેશે, અન્યથા પાર્ટીને અયોગ્ય ગણવામાં આવશે).**

(૧) કેમ્પ સાઈઝ માટે ૨૦૮ ફૂટ X ૯૦ ફૂટના આ ડોમમાં ૩૨ સ્ટોલ(૧૩ ફૂટ્ X ૨૬ ફૂટ) સાઈઝના લેમીનેટેડ સ્ટોલ બનાવવાના રહેશે. આ મંડપમાં જરૂરી લાઈટીંગ/પંખા લગાડવાના રહેશે તથા ૧૫ AMP ના ૪૫ તેમજ ૫ AMP ના ૪૬ ઈલેક્ટ્રિક પોઈન્ટ આપવાના રહેશે. સ્ટોલમાં ઠંડક રહે તે માટે જરૂરી કુલર તથા ફોગરની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ કુલરમાં પાણી ભરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સાથો સાથ ૧૨ ઈલેક્ટ્રિક એક્ષટેન્શન બોર્ડ, ૨૧ પાવડા-તગારાના સેટ, સ્પેસીયલ પાર્ટીશન કર્ટેઇન ૩ નંગ, કુલર ૨૯ નંગ અને ૪૫ પેડલ ફેન (મોટી સાઇઝ) આપવાના રહેશે.

(૨) કેચમેન્ટ એરિયા ૩૦૦ ફૂટ X ૨૮૫ ફૂટ મુજબનો યુનિવર્સિટીની સુચના મુજબ તૈયાર કરવાનો રહેશે.

(૩) ઉપરોક્ત ૨ મંડપ માટે જરૂરી પાવર અને જનરેટરની અલાયદી વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) કેમ્પ સાઈટના ડોમમાં ૩ ફૂટની બંન્ને બાજુ લોખંડના પાઈપની બેરીકેડ બનાવીને કાપડથી મઢીને ફૂલોથી સુશોભિત કરવાનું રહેશે.

(૫) **પશુ આરોગ્ય મેળાના પ્રવેશદ્વાર આગળ સુશોભીત ઉદઘાટન ગેટ બનાવવાનો રહેશે.**

૬.૬ **ઉદઘાટન સમારોહના સ્થળ સુધીના માર્ગનું સુશોભન (બે બાજુ) / પ્રચાર**

(૧) હેલિપેડથી **ઉદઘાટન સમારોહના સ્થળ સુધીના માર્ગ** પર જુદા જુદા અલગ અલગ કલરના ફ્લેગ દર ૨૦ ફુટે બનાવવાના રહેશે. પ્રદર્શન સ્થળ પર મુખ્ય દરવાજો (૨૦ ફૂટ X ૧૪ ફૂટ) સુશોભિત કરવાનો રહેશે.

(૨) "**કૃષિ મહોત્સવ ૨૦૧૭-૧૮ નવસારી કૃષિ યુનિવર્સિટી**" લખાણ સાથે આશરે ૧૦૦ મીટર ઉંચો અને ૩ મીટર વ્યાસવાળો કલરવાળો ફુગ્ગો (બલૂન) દોરીથી બાંધી ઉંચે મૂકવાનો રહેશે. જે દૂરથી પણ સ્પષ્ટ નિહાળી તથા વાંચી શકાય તેવો હોવો જોઈએ અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બલૂન હવાથી ભરેલો રહેવો જોઈએ.

૬.૭ **ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનારના આયોજન માટે નીચે મુજબની જરૂરિયાતો ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ વિના મૂલ્યે પૂરી પાડવાની રહેશે.**

(૧) ખુલ્લી જગ્યાએ અને રોડ ઉપર દરરોજ પાણી છાંટવાની વ્યવસ્થા કરવાની રહેશે અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સફાઈ કરાવવાની રહેશે.

(૨) વાહનોના પાર્કીંગની જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વાહન પાર્કીંગની જગ્યા સમતળ કરવાની રહેશે તથા વાહનો માટે પ્રવેશ અને બહાર નીકળવાનો રસ્તો બનાવી આપવાનો રહેશે.

(૩) પાંચ મોબાઇલ યુરીનલ/ટોયલેટ પુરૂષો માટે તથા પાંચ મોબાઇલ યુરીનલ/ટોયલેટ સ્ત્રીઓ માટે અલગ અલગ જગ્યાએ તૈયાર કરવા અને આ સેનેટરી બ્લોકમાં પાણીની સંપૂર્ણ સગવડતા સાથે સફાઈ થાય અને દુર્ગંધ ન આવે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૪) કાર્યક્રમ સ્થળની આજુબાજુની જગ્યા તથા રસ્તાઓની સફાઈની કામગીરી કરવાની રહેશે. પેપર તથા પ્લાસ્ટિકનો કચરો સતત સાફ કરવાનો રહેશે.

(૫) જરૂરિયાત મુજબના હેવી કેપેસીટીના જનરેટરની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) મેળાના સ્થળે ફાયર ફાઈટીંગ સિસ્ટમ વગેરે કાયદાકીય જોગવાઇ મુજબ વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

(૭) કૃષિમેળાના સમગ્ર સ્થળની સાધનસામગ્રીની તમામ સિક્યુરિટીની જવાબદારીની કામગીરી તેમજ વિવિધ પાર્કીંગ સ્થળે સિક્યુરિટી વ્યવસ્થા માટે વહીવટી તંત્ર/નવસારી કૃષિ યુનિવર્સિટીની સૂચના અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

(૮) કૃષિમેળાના સમગ્ર મેળાના સ્થળની વિવિધ પ્રીમાઈસીસ માટે જી.ઈ.બી.માંથી થ્રી ફેઝ ઈલેક્ટ્રિક કનેકશન મેળવવું, ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ ગોઠવવી, વિવિધ સ્થળે મેઈન કરંટ સપ્લાય લાઈન અને મેઈન્ટેનન્સની વ્યવસ્થા કરવી. આ અંગેનું સંપૂર્ણ લાઈટબીલ તથા અન્ય વેરાઓ ઈવેન્ટ એજન્સી દ્વારા ભરવાનું રહેશે, જે માટે કૃષિ યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૯) વહીવટીતંત્રના માર્ગદર્શન મુજબની બેરીકેડ બનાવી આપવાની રહેશે.

(૧૦) સ્થળની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે રસ્તો બતાવવાના માર્ગ સૂચક બોર્ડ દૂરથી સ્થળ સુધી દર ૨૦ ફુટે મુકવાના રહેશે.

(૧૧) વહીવટી તંત્ર/નવસારી કૃષિ યુનિવર્સિટી સૂચવે તે જગ્યાએ પ્રિંટિંગ અને લોખંડની ફ્રેમ સાથેના નીચે દર્શાવેલ સાઈઝનાં હોર્ડીગ્સ (બેનરો) તૈયાર કરીને લગાવી આપવાના રહેશે.

(૧) ૨૦ફૂટ X ૧૦ફૂટ સાઈઝના ૧૦ હોર્ડીગ્સ (બેનરો)

(૨) ૧૦ફૂટ X ૮ફૂટ સાઈઝના ૨૦ હોર્ડીગ્સ (બેનરો)

(૨) ૮ફૂટ X ૩ફૂટ સાઈઝના ૩૦ હોર્ડીગ્સ (બેનરો)

(૧૨) કાર્યક્રમના સ્થળે કોઇપણ ઝાડ કે બીજી કોઇ અડચણ દૂર કરવાની થાય/આયોજકોને જરૂર જણાય તો તે દૂર કરી તે અંગેનો ખર્ચ પાર્ટીએ સંપૂર્ણપણે ભોગવવાનો રહેશે.

૬.૮ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીઃ

(૧) **ફોટોગ્રાફીની કામગીરી ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ નીચે મુજબ કરવાની રહેશે.**

(અ) **ઉદઘાટન કાર્યક્રમ, કૃષિમેળો-વ-કૃષિ પ્રદર્શન અને સેમિનારના સ્થળે** ઉચ્ચ મેગા પિક્સેલ કેમેરા સાથે ઓછામાં ઓછા ત્રણ વ્યવસાયિક ફોટોગ્રાફરો રાખવાના રહેશે.

(બ) **ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ કાર્યક્રમ પૂર્ણ થયે તુરત જ** અસલ ફોટોગ્રાફીની ૧૦ નંગ ડીવીડી આપવાની રહેશે.

(ક) તમામ ફોટોગ્રાફસનું ૧ નંગ આલ્બમ તથા પસંદ કરેલા ફોટોગ્રાફસના ૫ નંગ આલ્બમ સેટ આપવાના રહેશે.

(૨) વિડીયોગ્રા**ફીની કામગીરી ઇવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ નીચે મુજબ કરવાની રહેશે.**

(અ) સંપૂર્ણ એચડી સેટ સાથેની વિડીયોગ્રાફી

(બ) ત્રણ હાઇ ડેફિનેશન કેમેરા સેટ અપ સાથે ડિજિટલ વિડિયો શૂટિંગ (સંપૂર્ણ એચડી ફોર્મેટમાં (1080x1920) કરવાનું રહેશે.

(ક) એક ઑફલાઇન મોબાઇલ કેમેરા (સંપૂર્ણ એચડી ફોર્મેટમાં i.e.1080X1920 )થી શૂટિંગ કરવાનું રહેશે.

(ડ) **એચડી-એસડીઆઇ** (સીરીયલ ડિજિટલ ઈન્ટરફેસ) કેબલ એટલે એચડી મિક્સર કેમેરા સાથે રેકોર્ડિંગ.

(ઇ) GTPL અને બીજી વિવિધ ચેનલો દ્વારા સાદુ/એચ ડી જીવંત પ્રસારણ કરી શકે તે માટે એચડી **એસડીઆઇ** સાથે કેબલીંગ માટેની જરૂરી આઉટપુટ લાઇનની વ્યવસ્થા કરી આપવાની રહેશે.

(ફ) વધારાની DV રેકોર્ડર (2 Nos.)

૬.૯ <u>વૈકલ્પિક નિદર્શન યુનિટો</u>: **(આ માટેના દરેક આઇટમના ભાવ Annexure-1 માં ભરીને સીલબંધ કવરમાં અલગથી ટેકનીકલ બીડના કવરમાં બંધ કરીને મોકલવાના રહેશે, અન્યથા પાર્ટીને અયોગ્ય ગણવામાં આવશે).**

ડ્રીપ, સ્પ્રીકલર, મશીનરી, પશુપાલન, પોલ્ટ્રી, ટ્રેક્ટર, થ્રેસર વગેરે માટેની જરૂરી સુવિધા માટેના નિદર્શન યુનિટ:

(૧) ડ્રીપ, સ્પ્રીકલર, મશીનરી, પશુપાલન, પોલ્ટ્રી, ટ્રેક્ટર, થ્રેસર – વગેરે માટે જરૂરિયાત મુજબના નિદર્શન યુનિટ નીચેની વિગતે બનાવવાનો રહેશે. આ યુનિટમાં આગળનો ભાગ ખુલ્લો રહેશે. જ્યારે સામેની સાઈડે જરૂરિયાત મુજબનો આકર્ષક સમીયાણા ટાઈપ મંડપ બનાવવાનો રહેશે. તેમાં તમામ સુવિધાઓ જેવી કે ટેબલ, ખુરશી (ટેબલ ક્લોથ સાથે) એરકુલર, પંખા, લાઈટ, પ્લગ પોઈન્ટ, કારપેટ, અંગ્રેજી અને ગુજરાતી નામ, જરૂરિયાત મુજબની બે મીટરની પાર્ટીશન અને ફ્રેમીંગ વોલ આખા યુનિટને કવર થાય તે રીતની નવસારી કૃષિ યુનિવર્સિટીની સૂચના તેમજ જરૂરિયાત મુજબ બનાવવાની રહેશે.

(૨) <u>નિદર્શન યુનિટના મંડપનું માપ</u>

(અ) ૭ મીટર X ૫ મીટરના ૪ યુનિટ

(બ) ૭ મીટર X ૧૦ મીટરના ૧ યુનિટ

(ક) ૨૦ મીટર X ૭ મીટર સાઈઝનું પશુપાલન એક નિદર્શન યુનિટ

(ડ) ૭ મીટર X ૫ મીટરનું પોલ્ટ્રી માટેનું એક નિદર્શન યુનિટ

(ઈ) ૨૦ મીટર X ૭ મીટર સાઈઝનો ફળ ફુલ શાકભાજી પ્રદર્શનનો મંડપ

(૩) ઉપરોક્ત 'અ' થી 'ઈ' જેમાં બધી સાઈડ ૨.૫'X ૬'' ના (જાડાઈ) ઉંચાઈના નિદર્શન બોર્ડ બનાવી લખાણ કરી આપવાના રહેશે તથા અન્ય સુવિધાઓ ઉપર મુજબ આપવાની રહેશે. થાંભલા ઉભા કરી દોરડાથી કવર કરવાના રહેશે.

(૪) નેટહાઉસ અને ગ્રીનહાઉસનું નાનું જીવંત નિદર્શન યુનિટ

(૫) નેટહાઉસ અને ગ્રીનહાઉસનું જીવંત નિદર્શન યુનિટનું આયોજન પ્રાઈવેટ પાર્ટી બોલાવી કરવાની રહેશે.જે વૈજ્ઞાનિક પધ્ધતિ મુજબનું મોડેલ સ્વરૂપ હોવુ જોઇએ.

(૬) કાફેટેરીયા- જરૂરિયાત મુજબના ઠંડા પાણીની પાંચ થી છ જગ્યાએ વ્યવસ્થા કરવાની રહેશે તેમજ એક કેફેટેરીયાની વ્યવસ્થા રાખવાની રહેશે.

(૭) જરૂર પડ્યે **વૈકલ્પિક નિદર્શન યુનિટ/યુનિટોનો** વર્કઓર્ડર નવસારી કૃષિ યુનિવર્સિટી /સરકારના જે તે વિભાગ દ્વારા આપવામાં આવશે અને ચૂકવણું પણ વર્ક ઓર્ડર આપનાર જે તે વિભાગ દ્વારા કરવામાં આવશે.

## ૭.૦ <u>આર.એફ.પી. દસ્તાવેજ સુપ્રદ કરવા માટેની સામાન્ય શરતો</u>

(૧) કામે રાખનાર માલિક (એમ્પ્લોયર) દ્વારા અરજદારોના દસ્તાવેજોનો એમ્પ્લોયર દ્વારા ઉપયોગ અથવા એના વતી આ પેટા કલમમાં જેની પરવાનગી આપવામાં આવી હોય એવા હેતુઓ માટે (આ સિવાયના હેતુઓ માટે નહીં) અરજદારના દસ્તાવેજો અને કરાર દ્વારા (અથવા તો એના વતી) તૈયાર કરવામાં આવેલા ડિઝાઈનના દસ્તાવેજોનો ઉપયોગ થઈ શકશે, એની નકલ થઈ શકશે અથવા થર્ડ પાર્ટીને એની જાણ કરી શકાશે. <u>વિગતો ગોપનીય રહેશે.</u>

(૨) અરજદારે કરારની વિગતોને ખાનગી અને ગોપનીય ગણવી, કરાર હેઠળની પોતાની જવાબદારી કે ફરજો બજાવવા જરૂરી હોય એને બાદ કરતાં અરજદારે કરારની કોઈપણ વિગતો માત્ર નવસારી કૃષિ યેનિવર્સિટી, નવસારીની મુનસફી મુજબ, એની અગાઉથી લેખિત સંમતિ મેળવ્યા સિવાય વ્યાપારના કોઈપણ છાપાં-સામયિક અથવા ટેકનિકલ પેપરમાં અથવા તો અન્યત્ર પ્રસિદ્ધ ન કરવી, પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી ન આપવી અથવા તો એની જાહેરાત ન કરવી.

(૩) <u>વીજળી, પાણી અને ગેસ</u>

અરજદારે એનું "કામ/કામગીરી" પાર પાડવા માટે જરૂરી વીજળીક શક્તિ/પાણી/ગેસ અને આવશ્યક અન્ય સેવાઓ માટે તેની પોતાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) <u>સ્ટાફ અને કામદારો</u>

અરજદારના કામકાજ ઉપર દેખરેખ રાખનારા સ્ટાફ-કર્મચારીઓમાંથી, વાજબી પ્રમાણમાં કર્મચારીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષાનું કામકાજ પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે અથવા તો ઈવેન્ટ કોન્ટ્રક્ટર પાસે કામકાજનાં સ્થળે, કામકાજના સમગ્ર સમયગાળામાં પૂરતાં પ્રમાણમાં-સંખ્યામાં કાબેલ દુભાષીયા હોવા જોઈશે.

(૫) <u>જીવાતો અને જંતુઓનાં ઉપદ્રવ સામે પગલાં</u>

કામકાજનાં સ્થળે કામે રખાયેલા તમામ સ્ટાફ અને મજૂરોનું જીવજંતુઓનાં ઉપદ્રવ સામે રક્ષણ કરવા તેમજ સામાન્ય ગંદકી વગેરેને કારણે આરોગ્ય સામે ઊભું થતું જોખમ ઘટાડવા અરજદારે હંમેશાં જરૂરી સાવધાનીનાં પગલાં ભરવા રહેશે. મેલેરીઆનો ઉપદ્રવ અટકાવવા માટે અરજદારે એના સ્ટાફ તથા મજૂરોને યોગ્ય પ્રકારના રોગપ્રતિબંધક સાધનસામગ્રી પૂરી પાડવી અને બંધિયાર પાણીના ખાબોચિયાં ઊભાં થતાં અટકાવવાનાં પગલાં ભરવા. અરજદારે સ્થાનિક આરોગ્ય સત્તાવાળાઓના તમામ નિયમનોનું પાલન કરવું અને કામકાજનાં સ્થળે ઊભાં કરાએલાં તમામ શમિયાણામાં માન્ય જંતુનાશકોનો પૂરતા પ્રમાણમાં છંટકાવ કરવાની વ્યવસ્થા કરવી. આ પ્રકારનાં પગલાં ઓછામાં ઓછાં એકવાર અથવા તો સંબંધિત સત્તાવાળાઓ દ્વારા સૂચવ્યા મુજબ ભરવા. અરજદારે કામકાજનાં સ્થળે જીવાતોનો નાશ કરતી વ્યવસ્થા "રીપેલન્ટ" ગોઠવવી.

(૬) <u>રોગચાળો</u>

જો કોઈ ચેપી રોગચાળો ફાટી નીકળે તો એવા સંજોગોમાં અરજદારે સંબંધિત સરકાર અથવા તો સ્થાનિક તબીબી કે આરોગ્ય સત્તાવાળાઓ દ્વારા રોગચાળાના પ્રતિકાર માટે અને એને નિર્મૂળ કરવા જે કોઈ જરૂરી નિયમનો, હુકમો વગેરે બહાર પાડવામાં આવે એને અનુસરી જરૂરી પગલાં ભરવાનાં રહેશે.

(૭) <u>આલ્કોહોલિક પીણાં અથવા કેફી દ્રવ્યોઃ-</u>

અરજદારે, કાયદા, વટહુકમો અને વખતોવખત અમલમાં હોય એવા સરકારી નિયમો અથવા હુકમોને સુસંગત ન હોય એ રીતે, કોઈપણ આલ્કોહોલિક પીણાં અથવા કેફી દ્રવ્યો આપવા નહીં, એનું વેચાણ ન કરવું, સાટાથી વેચાણ ન કરવું અથવા તો અન્ય રીતે એનો નિકાલ ન કરવો અથવા તો એના સબ-કોન્ટ્રાક્ટરો, એજન્ટો, સ્ટાફ અથવા મજૂરો દ્વારા એની આયાત, વેચાણ, ભેટ, સાટું કરવાં અથવા એનો નિકાલ કરવાની પરવાનગી અથવા છૂટ ન આપવી.

(૮) **<u>શસ્ત્રો અને દારૂગોળો</u>**

ઈવેન્ટ કોન્ટ્રાક્ટરે કોઈપણ શસ્ત્રો અથવા કોઈપણ પ્રકારનો દારૂગોળો રાખવો નહીં, એનું સાટું ન કરવું અથવા અન્ય કોઈ રીતે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને એનો નિકાલ ન કરવો અથવા તો ઉપર જણાવ્યા મુજબ એ માટે પરવાનગી ન આપવી કે પછી છૂટ ન આપવી.

(૯) **<u>ફેરફારનો હક્ક</u>**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કામકાજનાં સ્થળની પરિસ્થિતિ-હાલત અનુસાર, અંગભૂત ઘટકની કોઈપણ આઈટમ સંબંધિત કામ-વર્કસ કે એના કોઈપણ હિસ્સાના સ્વરૂપ, ગુણવત્તા અથવા જથ્થા/પ્રમાણમાં કોઈપણ ફેરફાર કરી શકશે, જે એના મત મુજબ જરૂરી હોય અને એ હેતુ માટે અથવા તો અન્ય કોઈ કારણસર એના અભિપ્રાય અનુસાર જે યોગ્ય હોય. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને આ મુજબ કરવા અરજદારને સૂચના આપવાનો હક્ક રહેશે અને અરજદારે નીચે જણાવ્યા મુજબની કોઈપણ કામગીરી હાથ ધરવી રહેશે. કરારમાં સમાવિષ્ટ  કોઈપણ કામ (વર્ક)ના જથ્થા-પ્રમાણમાં વધારો કરવો અથવા ઘટાડો કરવો. એવું કોઈપણ કામ, કૉન્ટ્રાક્ટરની ઠરાવેલી સમયમર્યાદાના અંત પહેલાં પડતું મૂકવું આવા કોઈપણ કામનું વિશિષ્ટ લક્ષણ, અથવા ગુણવત્તા અથવા એના પ્રકાર-સ્વરૂપમાં ફેરફાર કરવો. વર્કસના કોઈપણ હિસ્સાની સપાટી, લાઈન્સ, સ્થિતિ અને પરિમાણો બદલવા. નિશ્ચિત કામ (વર્કસ) સંપૂર્ણ કરવા માટે જરૂરી કોઈપણ પ્રકારનું વધારાનું કામ હાથ ધરવું અથવા નિશ્ચિત કામ (વર્કસ)ના કોઈપણ હિસ્સાના બાંધકામના કોઈપણ સુનિશ્ચિત-ઠરાવેલા ક્રમ અથવા સમયમાં ફેરફાર કરવો.

(અ) કામમાંનો આવો કોઈપણ ફેરફાર, કોઈપણ રીતે કરાર-કૉન્ટ્રાક્ટને નબળો નહીં પાડે અથવા તો એને રદબાતલ નહીં ઠેરવે, સિવાય કે, કામ (વર્કસ)માં ફેરફાર કરવા સૂચના આપવાનો મુદ્દો અરજદારના કોઈક દોષ-ભૂલને કારણે અથવા તો એના દ્વારા કરારના ભંગના કારણે ઉપસ્થિત થયો હોય અથવા તો જેને માટે એ જવાબદાર હોય, આવા દોષ/ભૂલને કારણે જો કોઈ વધારાનો ખર્ચ થાય તો આવો ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(બ) અરજદારે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અને/અથવા એના દ્વારા નિયુક્ત એજન્સીઓ/સલાહકારો/ઈન્ચાર્જ ઓફિસરો/કમિટી વગેરેના જાણ કર્યા સિવાય આવો કોઈ ફેરફાર ન કરવો.

(ક) સંજોગોવશાત રાજ્ય સરકાર ઉપરોક્ત તારીખ અને સ્થળમાં ફેરફાર સૂચવે તો તે નવી સૂચવેલ તારીખે અને સ્થળે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ ભરેલ ભાવોથી જ કામગીરી કરી આપવાની રહેશે.

(૧૦) <u>ફેરફારો, સુધારણા વગેરે</u>

(અ) જો વધારાના અથવા તો ફેરફાર સાથેના કામમાં, કૉન્ટ્રાક્ટના શીડ્યુલમાં કોઈ ઉલ્લેખ ન કરાયો હોય એવા કોઈપણ પ્રકારનો કામનો સમાવેશ થતો હોય તો, આ પ્રકારનું કામ 'માર્કેટ રેટ' મુજબ હાથ ધરવું. આવા કામોના ખર્ચનો વિગતવાર બ્રેકઅપ એજન્સીએ પૂરો પાડવો. કામના 'રેટ'-દરનો નિર્ણય, એજન્સી દ્વારા જે રેટ એનાલીસિસ સુપ્રદ કરવામાં આવે એના આધારે નવસારી કૃષિ યુનિવર્સિટી લેશે.

(બ) જો ઉપર જણાવ્યા મુજબ કામનો 'રેટ' નક્કી કરવાનું શક્ય ન હોય તો, આ પ્રકારનાં (વર્ગનાં) કામો કામનાં સ્થળે અથવા તો એની સૌથી નજીકનાં સ્થળે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા જે કમિટી નિમવામાં આવી હોય કે નિમવામાં આવે એની સમક્ષ એજન્સીની જુબાની પછી, સક્ષમ સત્તાવાળાઓ દ્વારા વિગતવાર 'રેટ એનાલીસિસ' ના આધારે જે રેટ નક્કી કરવામાં આવે એ રેટ/દર મુજબ હાથ ધરવાનાં રહેશે.

(ક) એજન્સીએ મર્યાદા બહારનું/વધારાનું કામ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી/સલાહકારો/કન્સલ્ટન્ટ/ઈવેન્ટ અંગે રચાયેલી કમિટીના સભ્યની અગાઉથી લેખિત મંજૂરી સિવાય હાથ ન ધરવું. જો કોઈ વધારાનું કામ (એક્સ્ટ્રા આઈટમ) હાથ ધરવામાં આવ્યું હોય તો આ અંગે સંબંધિત નિર્ણય લેનારની લેખિત સંમતિ હોવી જરૂરી છે અને એની રજૂઆત વિગતવાર કોસ્ટ એનાલિસીસ સાથે જ કરવી.

(ડ) એજન્સીએ જ્યારે જરૂર પડે ત્યારે તમામ કામોનાં માપનો સંયુક્ત રેકર્ડ એમ્પ્લોયર/ વ્યાવસાયિક સલાહકાર/કમિટીના સભ્ય વિધિવત સહી-સિક્કા સાથે તથા એ માટેનાં યોગ્ય કારણોની નોંધ સાથે રાખવો. જો અરજદાર, વધારાના અથવા તો મર્યાદા બહારનાં કામને વાજબી ન ઠેરવી શકે તો કોઈપણ વધારાનો ખર્ચ અથવા રેટ ચૂકવવાની વિચારણા ન કરવી. જો જરૂરી જણાય તો, કામોનાં માપના ટેકામાં ટોટલ સ્ટેશન સર્વે રજૂ કરવો. અરજદારના કામના અવકાશ-ક્ષેત્ર હેઠળના સમગ્ર પ્રસંગ-ઘટના (ઈવેન્ટ)ના વિડીયો રેકોર્ડીંગની સીડી **નવસારી કૃષિ યુનિવર્સિટી** અને કન્સલ્ટન્ટને પૂરી પાડવી.

(૧૧) <u>વીમો</u>

(અ) આ કલમ હેઠળ વીમાની પોલિસીની જવાબદારીમાં કામ તોડી પાડવાના ખર્ચા સહિત સંપૂર્ણ રીઈન્વેસ્ટમેન્ટના ખર્ચ અને વ્યવસાયિક ફી તથા નફાને આવરી લેવામાં આવેલા હોવા જોઈએ.

(બ) આ કલમ હેઠળ વીમાનું રક્ષણ નીચે મુજબ હોવું જોઈએ અને પોલીસી સંબંધિત પ્રદર્શનના સમયગાળા દરમિયાનના અરજદારના સમગ્ર ખર્ચે લેવાવી જોઈએ.

૧) માનવીનું મૃત્યુ - રૂ. ૩.૦૦ લાખ

૨) માનવીની કાયમી અપંગતા રૂ. ૧.૦૦ લાખ

૩) કાયમી અપંગતામાં ન પરિણમે એવી માનવ શરીરને થયેલી ઈજા માટે રૂ.૧૦ હજાર

(ક) આ ઉપરાંત નવસારી કૃષિ યુનિવર્સિટી, કન્સલ્ટન્ટ/સરકારી અધિકારીઓ અથવા એજન્સીના કર્મચારીઓ, સાધનસામગ્રી, મિલકતો વગેરેને થયેલા કોઈપણ નુકસાનની જવાબદારી અરજદારની રહેશે. (બિડર દ્વારા જે કોઈ વીમા ઉતારવામાં આવ્યા હોય એમાં લાભાર્થી તરીકે જે તે કૃષિ યુનિવર્સિટીનું નામ હોવું જોઈએ.)

(૧૨) <u>**'ફોર્સ મેજ્યુરે'**</u>

'ફોર્સ મેજ્યુરે'નો અર્થ એવો પ્રસંગ (ઈવેન્ટ) અથવા સંજોગો અથવા પ્રસંગો અને સંજોગોનું મિશ્રણ, જે માઠી અસર પામેલી પાર્ટીના વાજબી નિયંત્રણની બહાર હોય અને જેને અસરગ્રસ્ત પાર્ટી 'ગુડ ઈન્ડસ્ટ્રી પ્રેક્ટિસ' દ્વારા કે પછી કરાર હેઠળ એની જવાબદારી અદા કરવાના હેતુ માટે વાજબી-માફકસરના કૌશલ્ય અને સંભાળ દ્વારા નિવારી ન શકી હોત. ફોર્સ મેજ્યુરે આવી અસરગ્રસ્ત પાર્ટીના કામ ઉપર સારા એવા પ્રમાણમાં પ્રતિકૂળ અસર કરશે.

(૧૩) <u>**કામની જવાબદારી**</u>

એજન્સીને, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની પૂર્વ પરવાનગી વગર એના કામની જવાબદારીના કોઈપણ હિસ્સા અંગે પેટા-કરાર (સબ-કૉન્ટ્રાક્ટ) કરવાનો હક્ક નથી.

(૧૪) <u>**લિક્વિડેટેડ નુકસાન**</u>

(અ) સમગ્ર કામ પૂરું કરવાનો સમયગાળો, આ પ્રસંગ (ઈવેન્ટ) માટે સૂચવાયેલી-ઠરાવાયેલી તારીખો મુજબનો રહેશે. આ બાબત આ કરારના હાર્દરૂપ લેખાશે. ઉપર જણાવાયેલી અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા લેખિતમાં માન્ય કરાયેલી સમયમર્યાદાનું કડક પાલન કરવાનું રહેશે. અને એને અનુસરવાનું રહેશે. લિક્વિડેટેડ નુકસાન કરારનાં સમગ્ર-સંપૂર્ણ મૂલ્ય કિંમતને

લાગુ પડશે. કોઈ એક ચોક્કસ કામ પૂરું કરવામાં, અરજદારે આ કામ પૂરું કરવા આપેલી અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી એ સ્વીકારેલી તારીખ પછી પણ જો વિલંબ થાય તો આવા કિસ્સામાં, સિવાય કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા લેખિતમાં સમય લંબાવી આપવામાં આવે. અરજદાર દ્વારા થતાં પ્રત્યેક દિવસના વિલંબ માટે, કરાર મૂલ્યનાં ૫૦ ટકાની મહત્તમ મર્યાદાની શરતે, નિશ્ચિત કરાયેલાં મૂલ્યનાં ૨૫ ટકાના દરે દંડ લાગુ પડશે.

(બી) નિશ્ચિત કરાયેલા-ઠરાવાયેલા કાર્યક્રમની અંદર કામ ડિલીવર કરવામાં વિલંબના કેસમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કરારનો અંત લાવવાનો અને તમામ કામો (જોબ્સ) અથવા તો વિલંબમાં મૂકાયેલું કામ એની પસંદગીની અન્ય એજન્સી મારફત પૂરું કરાવવાનો હક્ક અનામત રાખે છે. બાકીનું કામ/ કામો અન્ય એજન્સી મારફત પૂરાં કરાવવામાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને જે કોઈ વધારાનો ખર્ચ કરવો પડે એ ખર્ચ, પ્રારંભિક કૉન્ટ્રાક્ટ કરનાર એજન્સીના હિસાબ-સિક્યુરિટી ડિપોઝિટમાંથી વસુલ કરવામાં આવશે. વધુમાં આવી વસુલાતમાં જે કોઈ તૂટ પડે એને માટે જરૂરિયાત મુજબ અન્ય તમામ કાયદેસરની કાર્યવાહી કરવાનો નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને હક્ક રહેશે.

(સી) મેગા ઈવેન્ટના જે તે સ્થળે, મકાન, દિવાલ, તારની વાડ કે અન્ય સ્ટ્રકચરને અંશતઃ અથવા સંપૂર્ણ નુકશાન થશે તો તે સ્ટ્રકચર રીપેર/બાંધકામ કે અન્ય કામ કાર્યક્રમ પૂર્ણ થયે તુરતજ કરી આપવાનું રહેશે અને તેનો સંપૂર્ણ ખર્ચ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીએ ભોગવવાનો રહેશે.

વૈકલ્પિક ભાવ પત્રક (ઓપ્શનલ આઇટમ્સ) અને **પશુ આરોગ્ય મેળો-૨ મંડપોના ભાવ**, ફીઝીકલ દસ્તાવેજ સાથે બીડવાનું છે. ઑનલાઇન ભરવાનું નથી. **દરેક આઇટમના ભાવ આપવાના રહેશે અન્યથા પાર્ટીને અયોગ્ય ગણવામાં આવશે**). વૈકલ્પિક ભાવ પત્રકમાં જણાવેલ આઇટમ કૃષિ યુનિવર્સિટી તેની જરૂરિયાત મુજબ L-1 સાથે વાટાઘાટ કરીને નક્કી કરશે અને તેનું ચૂકવણું અલગથી કરશે. વૈકલ્પિક ભાવ પત્રકની આઇટમો માટે જે કોઇ પાર્ટીના ન્યુનત્તમ ભાવો સરખામણીના આધારે નક્કી થાય તે ભાવ મુખ્ય ટેન્ડરની L1 ડેઝીગ્નેટ થયેલ પાર્ટીએ સ્વીકારી કામગીરી કરી આપવાની રહેશે.

સ્થળ :

તારીખ : પાર્ટીની સહી અને સિક્કો

## COMPANY PROFILE

| | | | |
|---|---|---|---|
| 1 | NAME OF THE EVENT MANAGEMENT AGENCY | : | |
| 2 | PERMENANT ADDRESS | : | |
| 3 | ADDRESS FOR CORRESPONDENCE | : | |
| 4 | CONTACT DETAILS | : | |
| | OFFICE LANDLINE NO. | : | |
| | RESIDENCE LANDLINE NO. | : | |
| | MOBILE NO. | | |
| | FAX NO (OPTIONAL) | : | |
| | E-MAIL ADDRESS (OPTIONAL) | : | |
| 5 | EMD DETAILS | : | |
| | (BANK GUARANTEE/ PAY ORDER/ DEMAND DRAFT DETAILS) | | |
| | AMOUNT | : | |
| | DATE | : | |
| | BANK NAME | : | |
| 6 | TENDER FEE (CASH RECEIPT NO. / D.D. NO.) | : | |
| 7 | VALID REGISTRATION NO. FROM COMPETENT AUTHORITY | : | |
| 8 | INCOME TAX NO. / PAN NO. | : | |
| 9 | SALES TAX NO. | : | |
| 10 | SERVICE TAX NO. | : | |
| 11 | VAT NO. | : | |
| 12 | EXPERIENCE DETAILS | : | |

I AGREE AND ACCEPT THE RULES AND CONDITIONS OF THE TENDER DOCUMENT.

PLACE:
DATE :

SIGNATURE OF THE PARTY
(NAME AND DESIGNATION STAMP)

FINANCIAL BID for optional items to be submitted with the technical bid in **physical form** only in separate sealed envelope.

# Annexure-1

| Sr. No. | For Optional/additional Unit/Mandap: (Fill separate for each) | Specification | Rate including All Taxes (Rs.) |
|---|---|---|---|
| 1 | Drip irrigation exhibition unit (7m x 5m) | Per Unit | |
| 2 | Sprinkler irrigation exhibition unit (7mx 5m) | Per Unit | |
| 3 | Farm Machinery exhibition unit (7mx10m) | Per Unit | |
| 4 | Pashu Palan exhibition unit (20m x 7m) | Per Unit | |
| 5 | Poultry exhibition unit (7m x 5m) | Per Unit | |
| 6 | Net house exhibition unit (7m x 5m) | Per Unit | |
| 7 | Green house exhibition unit (7m x 5m) | Per Unit | |
| 8 | Fruit and Vegetables Exhibition unit (20m x 7m) | Per Unit | |
| 9 | Charcha- gosthi mandap for 100 farmers | Per Unit | |
| 10 | Extra mandap for sitting of 5000 farmers | Per Unit | |
| 11 | Extra mandap | Per Sq. ft | |
| 12 | PVC Chair | Per unit | |
| 13 | PVC Table | Per Unit | |
| 14 | Pedastal Fan | Per Unit | |
| 15 | OB Van | Per Unit | |
| 16 | LED wall with stage | Per Unit | |
| 17 | Tribal/Folk/Cultural dancing group/20 member | Per Unit | |
| 18 | LCD TV 42 inch | Per Unit | |
| 19 | C.C. T.V. camera with recording | Per Unit | |
| 20 | Framing wall 6 ft./8 ft height | Per running ft | |
| 21 | Green net carpet flooring | Per Sq. ft | |
| 22 | Red carpet flooring | Per Sq. ft | |
| 23 | Air conditioner with all required machineries, acceseries with instolation and electricity charges and taxes | Per tone | |
| 24 | Animal Health Fair Mandap -2 in numbers for one day basis as per details specified in tender document. | | |

**Note: All the parties have to quote prices based on specifications (e. g. per unit, per running foot, per sq.ft, per ton etc. mentioned for each item.**

I/WE HAVE READ AND AGREED TO THE ITEM LIST AND THE TERMS & CONDITIONS OF THE TENDER DOCUMENT. I/ WE AGREE TO DO THE WORK AS PER THE LOWEST RATE GIVEN BY ANY PARTY/AGENCY.

PLACE:

SIGNATURE OF THE PARTY
(NAME AND DESIGNATION STAMP)

DATE :

PRICE BID FOR SELECTION OF EVENT MANAGEMENT AGENCY FOR INAUGURATION & EXHIBITION DURING KRUSHI MAHOTSAV AT **VANSDA** FOR NAVSARI AGRICULTURAL UNIVERSITY **(Should be submitted online only)**

*FIN- BID No. I : (For ONE DAY)*

Selection of Event management Agency for Inauguration & Exhibition during Krushi Mahotsav at **Vansda** for Navsari Agricultural University (NAU), Navsari

| Sr. No. | Particular | Rate Including of all Govt. taxes |
|---|---|---|
| 1. | Providing, installing and erecting structurally sound, fire proof and stable inauguration main mandap with MS DOM structure with Octonorm System as per approved design and shape. One Inauguration Mandap/Dom having seating capacity of 15000 chairs. Three to four or required Mandap/Dome as per site situation comprising of total 100 stalls (each stall of 10x10 ft. size) with all terms & conditions and scope of work mentioned in this tender. Rate with all materials, loading-unloading, all taxes and labour charges at site location decided by NAU, Navsari. | |

## CHECK LIST

## Check List must be attched with the Physical Bid

| S.N. | Documents | Page No. of Physical Bid |
|---|---|---|
| 1 | Experience cerificate of organizing National or State level Mega Krushi Mela Event for minimum 2 years as stated in tender document | |
| 2 | Cerificate of Registration | |
| 3 | Proof of Service Tax Registration | |
| 4 | Proof of Sales Tax / VAT Registration | |
| 5 | PAN card details | |
| 6 | Proof of annually turnover of Rs. 50.00 lakhs for last two years | |
| 7 | Income Tax Returns of last three years | |
| 8 | Details of Tender Fee Rs.5000/-<br>DD No. Date: | |
| 9 | Details of EMD Rs. 2.00 lakhs<br>DD No. Date: | |

PLACE:

SIGNATURE OF THE PARTY
(NAME AND DESIGNATION STAMP)

DATE :